ડીસા પાલિકાનો વર્મિ કમ્પોસ્ટ પ્લાન્ટ શોભાનો ગાંઠિયો

કમ્પોસ્ટ (અળસીયા) ખાતર બનતું નથી, ઘન કચરાનો પણ થતો આડેધડ નિકાલ

જુનાડીસા, તા. ૧૫

ડીસા નજીકના જુનાડીસા ગામના પવિત્ર ગણાતા ગંગાજીના વ્હોળામાં ડીસા નગરપાલિકા દ્વારા વર્મિ કમ્પોસ્ટ પ્લાન્ટની આડમાં બિન અધિકૃત રીતે ઘન કચરાનો નિકાલ થઈ રહ્યો છે. જે પ્લાન્ટમાં લાખોના ખર્ચે વસાવેલ મશીનરી અને વજન કાંટો પણ ગંદકીમાં ગરકાવ બની શોભાનો ગાંઠિયો પુરવાર થયા છે.

ડીસા નગરપાલિકા પાસે ઘન કચરાના નિકાલની ઘણી જગ્યાઓ છે તેમ છતાં ગ્રામજનોના વિરોધ વચ્ચે તત્કાલીન કલેકટરે વિવાદાસ્પદ રીતે પાલિકાને જુનાડીસા ગામના ગંગાજી વ્હોળા તરીકે ઓળખાતી સર્વે ન.૭૨૭ પૈકીની ૧૦ એકર જમીન ઘન કચરાના નિકાલ માટે ફાળવી દીધી છે. જેમાં સરકારના તમામ નીતિ નિયમો અને શરતોનો ભંગ થઈ રહ્યો છે. તેમ છતાં પાલિકા દ્વારા આડેધડ ઘન કચરા સાથે મેડિકલ વેસ્ટ અને ગંદકી ઠલવાઈ રહી છે એટલું જ નહીં, મૃત પશુઓ અને

કાદવ કિચડ પણ ઠલવાય છે જેની અસહ્ય દુર્ગન્ધથી હાઈવે ઉપર નીકળવું કઠિન થઈ પડ્યું છે. તેથી ગામમાં અવનવી બીમારીઓનો ઉપદ્રવ વધી જતાં ગ્રામજનોએ ધ નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલમાં કેસ દાખલ કર્યો છે જે જ્યુડિશિયલ મેટર હોવા છતાં ખુલ્લેઆમ ગંદકી ઠલવાઈ રહી છે.

આ બાબતે ગામના યુવાન અસલમ ઘાસુરાએ રોષ ઠાલવતા જણાવ્યું હતું કે સરકારી ધારાધોરણ મુજબ ઘન કચરાનો યોગ્ય નિકાલ કરવાનો રહે છે પરંતુ ઉદ્ઘાટન બાદ ક્યારેય મશીનરી ચાલુ કરાઈ નથી. કોઈ અધિકારી ડંપિંગ સાઈડની મુલાકાતે આવે ત્યારે નામ પૂરતું પ્રોસેસીંગ કરાય છે. વર્મિ કમ્પોસ્ટ (અળસીયા ખાતર) પ્લાન્ટના બોર્ડ લગાવ્યા છે પણ આજદિન સુધી ખાતર બનાવ્યું નથી વજન કાંટો છે પણ કચરાનું ક્યારેય વજન કરાતું નથી અને આડેધડ ડંપિંગ સાઈડની બહાર કચરાનો નિકાલ કરાતા તાજેતરમાં સરપંચે પાલિકાના ઘન કચરા નિકાલના અધિકારી અને કર્મચારી વિરુદ્ધ ફરિયાદ પણ નોંધાવી હોવાનું ઉમેરી પાલિકા સરકારના કાયદાનું પણ ઉલ્લંઘન કરતી હોવાનો આક્ષેપ કર્યો હતો.

ઘન કચરાના યોગ્ય નિકાલ અને ખાતર બનાવવા લાખોના ખર્ચે મશીનરી ગોઠવી છે પણ તેનો ઉપયોગ ન થતા આ મશીનરી ખુદ પ્લાસ્ટિકના કચરામાં ગરકાવ થઈ ગઈ છે જે બાબતને ગંભીરતાથી લઈ જવાબદાર તંત્ર કસુરવારોને કાયદાનું ભાન કરાવે તેવો જનમત પ્રવર્તે છે.

કલાને જીવાડવાનો પ્રયાસ....

એક સમયે માનવ જીવન સાથે વણાઈ ગયેલા નાટકો, ભવાઈ અને બહુરૂપીના ખેલ દ્વારા અનેક કલાકારો લોકોનું ભરપુર મનોરંજન કરી પરિવારનું પણ પોષણ કરતા હતા પરંતુ ટીવી અને મોબાઈલના આક્રમણથી આ કલાઓ લુપ્ત થવા લાગી છે તેમછતાં અનેક વિરલ કલાકારો આજેપણ ભાતીગળ લોક કલાને જીવાડવાની મથામણ કરી રહ્યા છે તેમાં અમદાવાદનો દિનેશભાઈ બાપુનાથ નામનો બહુરૂપી છેલ્લા કેટલાય વર્ષોથી બનાસકાંઠા જિલ્લાના ડીસામાં આવી પોતાની કલાના કામણ પાથરે છે. હાલમાં તે શંકર ભગવાન, બજરંગ બલી,ગણેશજી, ડાકુ, રાજા, દુધવાળો રબારી, શેઠ શેઠાણી જેવી વેશભૂષા ધારણ કરી લોકોનું મનોરંજન કરે છે આજના ફાસ્ટ યુગમાં પણ લોકો તેની કળાની કદર કરી બહુરૂપી પરંપરાને જાળવવાના તેના પ્રયાસોને બિરદાવે છે. જેનાથી તેના પરિવારનું ગાડું પણ ગબડયે જાય છે.

શામળાજી નજીક ટ્રકે કારને ટક્કર મારતા જુના વડવાસા પ્રાથમિક શાળાના આચાર્યનું ઘટનાસ્થળે મોત

શામળાજી, તા. ૧૫

અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ પર અને શામળાજી-મોડાસા રાજ્યધોરી માર્ગ પર ટ્રક, કન્ટેનર અને ડમ્પર ચાલકો પુરઝડપે હંકારતા હોવાથી નાના વાહન ચાલકોને અડફેટે લેતા અનેક નિર્દોષ લોકો ભોગ લેવાઈ રહ્યો છે. શામળાજીના ખેરંચા નજીક ટ્રકે કારને ટક્કર મારતા જુનાવાડવાસા પ્રાથમિક શાળાના આચાર્યનું ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. અકસ્માતના પગલે શિક્ષણ આલમમાં ભારે શોકની લાગણી ફેલાઈ હતી. અકસ્માતના પગલે દોડી આવેલી શામળાજી પોલીસે મૃતદેહને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

રવિવારે રાત્રીના સુમારે મોડાસા તાલુકાના બાયલ-ઢાંખરોલ ગામના અને જુના વડવાસા પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવતા રાજેશભાઈ જયંતીભાઈ પટેલ કાર લઈ શામળાજી કામકાજ અર્થે જઈ પરત મોડાસા તરફ પરત ફરી રહ્યા હતા ખેરંચા ગામ નજીક સૈનિક સ્કૂલ પાસે રોડ પર કરેલા કટમાં થઈ જમવા જતા અચાનક ટ્રકે કારને સામેથી જોરદાર ટક્કર મારતા કારના આગળના ભાગનો કડૂચાલો

વળી જતા રાજેશભાઈ જયંતિભાઈ પટેલનું કારમાં દબાઈ જવાથી કારમાં જ મોત નિપજતા ભારે ચકચાર મચી હતી. અકસ્માતના પગલે પરિવારજનો અને મોટી સંખ્યામાં શિક્ષકો ઉમટી પડયા હતા. અકસ્માતની ઘટનાની જાણ શામળાજી પોલીસને થતા ઘટનાસ્થળે પહોંચી લાશને પીએમ માટે ખસેડી અરવિંદભાઈ મગનભાઈ પટેલ (રહે,બાયલ ઢાંખરોલ)ની ફરિયાદના આધારે ફરાર ટ્રકચાલક વિરુદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી ઝડપી પાડવા ચકો ગતિમાન કર્યા હતા.

મોડાસા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પૂર્વ મહામંત્રી અને જુના વડવાસા પ્રાથમિક શાળાના આચાર્ય રાજેશભાઈ પટેલનું અકસ્માતમાં મોત નિપજતા શિક્ષક આલમ સહીત સમગ્ર પંથકમાં ગમગીની છવાઈ હતી.

અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘની

ચૂંટણીમાં પરિવર્તન પેનલના ચૂંટણી બહિષ્કાર વચ્ચે પરિણામ જાહેર

મોડાસા, તા. ૧૫

અરવલ્લી જીલ્લા પ્રાથમિક શિક્ષક સંઘની ચૂંટણી જાહેર થઈ ત્યારથી રાજ્યના શિક્ષણઆલમમાં ચર્ચાનું કેન્દ્ર બનવાની સાથે વિવાદમાં ઘેરાઈ હતી. હાઈકોર્ટ

સુધી ચૂંટણી રદ કરવા રીટ થતા ૭ જુલાઈએ યોજાનાર ચૂંટણી બંધ રહી હતી. ફરીથી ૧૪ જુલાઈ રવિવારના રોજ યોજાયેલી રોજ યોજાઈ હતી જેમાં શિક્ષકોએ ભારે ઉમળકાભેર મતદાન કરતા અને બેલેટ પેપરમાં ગુપ્તતા ન જળવાતાના આક્ષેપ અને ચૂંટણીને ગેરકાયદેસર ગણાવી રાજ્ય શિક્ષક સંઘના મહામંત્રી સતીશ પટેલ અને પરિવર્તન પેનલ દ્વારા ચૂંટણીનો બહિષ્કાર કરાતા હસમુખ પટેલ અને તેમની એકતા પેનલનો ભવ્ય વિજય થયો હતો.

બહુ ચર્ચિત અરવલ્લી જીલ્લા પ્રાથમિક શિક્ષક સંઘની ચૂંટણીમાં શિક્ષકોના પડતર પ્રશ્નો માટે સતત રાજ્ય સરકાર સામે લડત ચલાવતા હસમુખભાઈ પટેલની એકતા પેનલનો રવિવારે યોજાયેલી ચૂંટણીમાં ભવ્ય વિજય થતા શિક્ષકોએ ઉલ્લાસભેર ઉજવણી કરી હતી. જીલ્લા પ્રાથમિક શિક્ષક સંઘમાં પ્રમુખ પદે હસમુખભાઈ પટેલને ૨૮૯૧ મત, ઉપ પ્રમુખ અનિલભાઈ શંકરભાઈ પટેલને ૨૧૫૫ મત મહામંત્રી બી.ડી. પટેલ ૨૧૮૪ મત અને સહમંત્રી દેવીદાસ વણકર ૨૧૫૮ મત મેળવતા ભવ્ય વિજય પ્રાપ્ત થતા શિક્ષકોએ શુભેચ્છા પાઠવી હતી. રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના મહામંત્રી સતીશ પટેલે ચૂંટણીની કાયદેસરતાને હાઈકોર્ટમાં પડકારવાની ચીમકી ઉચ્ચારી હતી.

મોડાસાની સાકરીયા પ્રાથમિક શાળા જિલ્લાની ખાનગી શાળાઓને હંફાવી

૩૦ બાળકો ખાનગી શાળા છોડી પ્રવેશ લીધો

મોડાસા, તા. ૧૫

રાજ્યમાં દિવસેને દિવસે શિક્ષણનું સ્તર કથળી રહ્યું છે. ખાનગી શાળાઓના પ્રભુત્વ સામે રાજ્યની કેટલીક પ્રાથમિક શાળાઓમાં સંખ્યા પાંખી બની છે. ખાનગી શાળામાં ઉંચી ફી ચૂકવી ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રાપ્ત થશે તેવો વાલીઓનો ઝડપથી મોહભંગ થઈ રહ્યો અરવલ્લી જીલ્લાની ખાનગી શાળામાંથી ૭૩૪ વિદ્યાર્થીઓએ સરકારી શાળાઓમાં પ્રવેશ મેળવ્યો છે.

મોડાસા તાલુકાની સાકરીયા પ્રાથિમક શાળામાં શાળાના ગુણવત્તાસભર શિક્ષણને લઈને અરવલ્લી-સાબરકાંઠા જીલ્લાના ડાયટના પ્રાધ્યપક આર.એલ જીતપુરાનું બાળક બે વર્ષથી અને ચાલુ વર્ષે મહીસાગર-પાલનપુર જીલ્લાના સંતરામપુર એકમના ડાયટના પ્રાધ્યાપક ઓમેગા પાંડવ નામના અધિકારીએ તેમના

પુત્રને ખાનગી શાળામાંથી એડમિશન કેન્સલ કરી સાકરીયા પ્રાથમિક શાળામાં ત્રીજા ધોરણમાં પ્રવેશ અપાવ્યો છે.

સાકરીયા પ્રાથમિક શાળાના આચાર્ય અને શિક્ષકગણ બાળકોને જ્ઞાન સાથે ગમ્મત થકી અભ્યાસ કરાવવામાં આવે છે શાળાના વર્ગ ખંડ સહીત તમામ દીવાલો પર અભ્યાસને લગતા ચિત્રો દોરવામાં આવ્યા છે. બાળકોને અભ્યાસ સાથે વિવિધ સ્કોલરશીપ, નવોદય વિદ્યાલય સહીત અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરાવવાની તદઉપરાંત શાળામાં અભ્યાસ કરતાં બાળકોને રુચિ પ્રમાણે સાંસ્કૃતિક પ્રવૃતિઓ અને રમત-ગમતની પ્રવૃત્તિ માટે વાતાવરણ પૂરું પાડવામાં આવે છે. ઈકો ક્લબ અને પર્યાવરણલક્ષી વિવિધ પ્રવૃતિઓ, વેસ્ટમાંથી ઘર ઉપયોગી બેસ્ટ વસ્તુઓ બનાવવાનું સહીત સપ્તહમાં એકવાર બાળસભાનું આયોજન કરવામાં આવે છે વાલીઓ અને ગામલોકોને તમામ પ્રવૃતિઓથી માહિતગાર કરવામાં આવે છે.

સાકરીયા પ્રાથમિક શાળાના આચાર્ય અને શિક્ષક સ્ટાફે વેકેશનમાં સાકરીયા ગામના અને આજુબાજુના ગામના ખાનગી શાળામાં અભ્યાસ કરતાં બાળકોના વાલીઓ સાથે મિટિંગનું આયોજન કરી શાળાની શિક્ષણ પધ્ધતિ, તાસ પધ્ધતિ અને શાળાની વિવિધ પ્રવૃતિઓ અંગે માહિતગાર કરવામાં આવતા શાળાની ઉત્કૃષ્ઠ શૈક્ષણિક પ્રવૃતિઓ નિહાળી ૩૦ વાલીઓએ પોતાના સંતાનોને ખાનગી શાળામાંથી પુનઃ પોતાના ગામનીજ સરકારી પ્રાથમિક શાળામાં દાખલ કર્યા છે.

સાકરીયા પ્રાથમિક શાળાના જાગૃત નાગરિકના જણાવ્યા અનુસાર શાળાના શિક્ષકો ગામની પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં ગરીબ અને જરૂરિયાત મંદ બાળકોને ખાનગી શાળા કરતાં પણ ઉત્તમ શિક્ષણ, વિવિધ સહઅભ્યાસિક પ્રવૃતિઓના કારણે બાળકોમાં રહેલી સુસુપ્ત અવસ્થાને બહાર લાવવાની આવડતના કારણે ગામના લોકોએ સાકરીયા પ્રાથમિક શાળામાં તેમના બાળકોને ખાનગી શાળામાંથી પરત લઈ પુનઃ પ્રવેશ અપાવી રહ્યા છે.

ડીસાના શ્યામ બંગલોઝના બંધ મકાનમાં ચોરી

ડીસા

બનાસકાંઠા જિલ્લાના ડીસા શહેરમાં પોલીસ લોકોને સુરક્ષા પૂરી પાડવામાં સરેઆમ નિષ્ફળ નીવડી રહી હોઈ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ દિન પ્રતિદિન બગડી રહી છે. રવિવારે રાત્રે ડીસા શહેરમાં ચોરીની વધુ એક ઘટના બની છે.. ડીસા શહેરના શ્યામ બંગલોમાં રહેતા ઉષાબેન માળીના મકાનમાં ચોરી થઈ છે.

શ્યામ બંગલોમાં રહેતા ઉષાબેન તેમના સંતાનો સાથે પિયર ગયેલા હતા અને તેમના પતિ સુંધા માતા ગયેલા હતા.. તે દરમ્યાન તેમના મકાનને નિશાન બનાવી મકાનના મુખ્ય દરવાજાનું તાળું તોડી કોઈ અજાણ્યા તસ્કરો મકાનમાં પડેલ ૨૭ હજાર રોકડા અને ૫૨ હજાર રૂપિયાની કિંમતનું સોનાનું ડોકિયું અને પેંડલ તેમજ અન્ય દાગીના મળી ૭૯ હજાર રૂપિયાની કિંમતના મુદ્દામાલની ચોરી કરી ગયા હતા. આ ઘટના બાદ પોલીસે મોડે મોડે ઘટનાસ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી.

ઘાંટી પ્રાથમિક શાળા નંબર. ૧માં ચોપડા વિતરણ કાર્યક્રમ યોજાયો

ભિલોડા તાલુકાના ઘાંટી ગામની ઘાંટી પ્રાથમીક શાળા નંબર.૧ માં ચોપડા વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. વિદ્યાર્થીઓ અને વાલીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી. વેજપુર ગ્રૂપ ગ્રામ પંચાયત સરપંચ જશુભાઈ અસારી, અરવલ્લી જીલ્લા આદિજાતિ ભાજપ મોરચાના મહામંત્રી શૈલેષભાઈ મોથલીયા સહિત મિત્ર વર્તુળના સાથ સહકારીથી વિદ્યાર્થીઓને ચોપડાઓનું વિતરણ કરાયું હતું. ઘાંટી પ્રાથમીક શાળા નંબર.૧ આચાર્ય, સ્ટાફ પરીવાર અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

શારિરીક જાગૃતતા માટે રેલીગેર સંસ્થાએ મહાસંમેલનનું સફળતાપૂર્વક આયોજન કર્યું

તાજેતરમાં હિંમતનગર ખાતે નલીનકાંત ગાંધી ટાઉનહોલમાં શરીરની શારીરિક જાગૃતતા વિશે રેલીગેર સંસ્થાએ વધતી જતી મોંઘવારી અને વધતી જતી બીમારીઓના અનુસંધાનમાં દવા-ઓપરેશન પાછળ ખર્ચાતા પૈસા બચાવવા આર્થિક સુરક્ષાને અનુલક્ષીને સેમીનાર યોજાયો હતો. જેમાં રેલીગેર સંસ્થાના સુકાનીરૂપે નિશ્ચલ બી.એ. અને મિહીર ભટ્ટે હાજરી આપી સ્વાસ્થ્ય સાથે પૈસાનો બચાવ અને બચત કેમ થાય તેનો વિસ્તારપૂર્વક સમજ આપી. આ મહાસંમેલનમાં સાબરકાંઠા, બનાસકાંઠા, અરવલ્લી, મહીસાગર, આણંદ, પંચમહાલ, પાલનપુર, મહેસાણા, ગાંધીનગરની વીમા અગ્રણીઓએ તથા શહેરના રહીશોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. સેમીનારનું આયોજન સીનીયર એરીયાહેડ નદીમ એજાજ વક્તાપુરીયાએ કર્યુ હતુ. રેલીગેર સંસ્થાના કેર-મેડીકલ ક્લેઈમના લાભ વિસ્તૃતત્વે સમજાવવામાં આવ્યા હતા.

ભિલોડા થી વિજયનગર અને ભિલોડા થી ઈડર ધોરીમાર્ગ પર ઠેર-ઠેર આડેધડ બનાવેલા બમ્પ હટાવવા માંગ

ભિલોડા થી વિજયનગર અને ભિલોડા થી ઈડર ધોરીમાર્ગ ઉપર ઠેર-ઠેર આડેધડ બનાવેલા બમ્પ સત્વરે હટાવવા વાહન ચાલકોની પ્રબળ લોક માંગણી ઉઠવા પામી છે. આડેધડ બનાવેલા બિન અધિકૃત જરૂરીયાત વિહોણા બમ્પ સત્વરે હટાવવામાં નહી આવે તો જાગૃત વાહન ચાલકો ગાંધી ચિંધ્યા માર્ગે લડત આપશે તેવું રણશીંગુ ફુકાઈ રહ્યું છે.

ભિલોડા અને વિજયનગર તાલુકાના ડુંગરાળ વિસ્તારમાં વસતાં પ્રજાજનોને કોઈ પણ બિમારી દરમ્યાન ઈમરજન્સીમાં દવાખાને પહોંચવું હોય ત્યારે સમયસર પહોંચી શકતા નથી તેમ જાગૃત પ્રજાજનોએ જણાવ્યું હતું. ભિલોડા થી વિજયનગર ધોરીમાર્ગ ઉપર ગોઝારા વળાંકો હોઈ વાહન ચાલકોને અકસ્માતોનો ભય સતાવતો હોય છે.બિન જરૂરી, બિન અધિકૃત રીતે આડેધડ બનાવેલા બમ્પોના કારણે અવાર નવાર નાના મોટા અકસ્માતો પણ સર્જાતા હોય છે.

ભિલોડા થી વિજયનગર ૪૫ કિ.મી.નો ધોરીમાર્ગ ઉપર ઠેર-ઠેર અંદાજીત ૪૫ થી વધુ બમ્પ હોઈ એસ.ટી.ના ડ્રાઈવરો,પ્રાઈવેટ વાહન ચાલકો અને મુસાફરો રોજે રોજ હેરાન પરેશાન થઈ રહ્યા છે. ભિલોડા થી ઈડર ૩૦ કિ.મી.નો ધોરીમાર્ગ ઉપર ઠેર-ઠેર અંદાજીત ૩૦ થી વધુ બમ્પ હોવાના કારણે પ્રજાજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. એસ. ટી. બસના ડ્રાઈવરોને એસ.ટી.નું ટાઈમ ટેબલ સાચવવાનું હોય છે પરંતુ ટાઈમીંગ સચવાતો નથી ? એસ. ટી. બસમાં જી.પી.એસ. સિસ્ટમ કાર્યરત હોઈ એસ.ટી. બસો મોડી પહોંચતાં મુસાફરો બુમરાણ મચાવે છે. એસ.ટી.બસોનું એવરેજ રોજે રોજ ઘટતુ હોય જેના કારણે ડીઝલનો વપરાશ વધુ થઈ રહ્યો છે. ધોરીમાર્ગ ઉપર ઠેર-ઠેર એસ.ટી. બસના સ્ટેન્ડ હોવાના કારણે એસ.ટી. બસો સમય મર્યાદામાં પહોંચી શકતી નથી ? અત્રે ઉલ્લેખનીય છે કે એસ.ટી. બસના ડ્રાઈવરોને કે.એમ.પી.એલ. અને જી.પી.એસ. સિસ્ટમના કારણે નિર્દોષ ડ્રાઈવરોને એસ.ટી.ના વહીવટી અધિકારીઓ ધ્વારા મેમા આપતા હોઈ છે. ભિલોડા થી વિજયનગર અને ભિલોડા થી ઈડર ધોરીમાર્ગ ઉપર આડેધડ બનાવેલા બમ્પો સત્વરે માર્ગ અને મકાન વિભાગ ધ્વારા હટાવવામાં આવે તેવી રોજીંદા મુસાફરોની લોકમાંગણી છે.

હિંમતનગરના ખાંધોલ નજીકથી ખનિજ ચોરી કરતા બે વાહનો પકડાયા

હિંમતનગર, તા. ૧૫

હિંમતનગર તાલુકાના ખાંધોલ નજીકથી પસાર થતી ઘઉવા નદીના પટમાંથી રવિવારે ખનીજ ચોરી કરતા એક લોડર તથા અન્ય એક વાહનને ખાણ ખનીજ વિભાગે ઝડપી લઈ તેને સિઝ કરીને લાવીને ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં મુકાવી દીધા હતા તેના વાહનચાલકો વિરૂદ્ધ દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

આ અંગે ખાણ ખનીજ વિભાગના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ છેલ્લા કેટલાક સમયથી ખાંધોલ નજીકથી પસાર થતી ઘઉવા નદીના પટમાંથી કેટલાંક લોકો ખનીજનું ખનન અને ગેરકાયદે વહન કરીને સરકારની આવકમાં ઘટાડો કરી રહ્યા છે. દરમ્યાન આ અંગે રવિવારે સાબરકાંઠા ખાણ ખનીજ વિભાગને મળેલી બાતમી બાદ ભુસ્તર શાસ્ત્રી જે.એમ. પટેલ તથા ઈન્સ્પેક્ટર અંકિત પરમાર તથા તેમની ટીમે રવિવારના સવારના સુમારે જઈને તપાસ હાથ ધરી હતી.

દરમ્યાન ખાણ ખનીજ વિભાગના અધિકારીઓએ નદી પટમાં રેતીનું ખનન અને વહન કરી રહેલા ટ્રક નંજ જીજે.૩૧. ટી. ૭૨૩૩ તથા એક લોડરને ઝડપી લીધુ હતુ. ત્યારબાદ બંનેના ચાલકની પુછપરછ કરતા આ બંને વાહનો ભિલોડા તાલુકાના ડોડીયસરા ગામના જીતુભાઈ બાબુભાઈ નીનામાના નામે નોંધાયેલા હોવાનું બહાર આવ્યુ હતુ. ઉલ્લેખનીય છે કે રવિવારે ખાણ ખનીજ વિભાગે કરેલી કાર્યવાહીથી આ વિસ્તારમાં ગેરકાયદે ખનન અને વહન ખનીજ ચોરી કરતા તત્વોમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

આ વિસ્તારના લોકોના જણાવાયા મુજબ કેટલાક ખનીજ ચોરો દિવસે કરતા રાત્રે ખનીજ ભરીને વાહનો દોડાવી રહ્યા છે. ત્યારે ઉચ્ચ અધિકારીઓએ રાત્રે પણ ચેકિંગ કરવાની જરૂર છે. ખાણ ખનીજ વિભાગે પકડેલા લોડર અને ટ્રકને સિઝ કર્યા બાદ તેમને ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં લાવીને મુકાવી દેવાયા હતા.

સાબરકાંઠામાં ટ્યુશનીયા શિક્ષકો કાયદાની છટકબારી શોધી ટ્યુશન કરાવતા હોવાની ચર્ચા

હિંમતનગર, તા. ૧૫

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા શિક્ષણનું સ્તર ઉંચુ લાવવાના આશયથી ખાનગી અને સરકારી તેમજ સરકારનું અનુદાન લેતી શાળાઓમાં ફરજ બજાવતા શિક્ષકો ખાનગી ટ્યુશનો કરાવી શકતા નથી તેમ છતાં સાબરકાંઠા જિલ્લામાં અનેક સ્થળે મુખ્ય વિષયના શિક્ષકો કાયદાની છટકબારી શોધીને વિદ્યાર્થીઓ તથા વાલીઓને ઉંચી ટકાવારી લાવવાની લાલચ આપીને પોતાની સ્કૂલોમાં જ વધારાની પીરીયડ લઈને ફી ઉઘરાવીને આડકતરી રીતે કમાણી કરી રહ્યા છે.

આ અંગે હિંમતનગરમાં રહેતા એક જાગૃત વાલીના જણાવાયા મુજબ હિંમતનગરમાં આવેલી ચારથી વધુ સ્કૂલના ગણિત અને વિજ્ઞાનના શિક્ષકો ધો. ૧૦ કે ૧૨માં ભણતા વિદ્યાર્થીઓને સ્કૂલના સમય દરમ્યાન ઓછી કાળજી રાખીને વિદ્યાર્થીઓને વધારાના પીરીયડમાં બેસવા માટે પ્રલોભનો આપે છે. અને સ્કૂલના સમય પહેલા અથવા તો તે પછીના સમયમાં મુખ્ય વિષયના જે પીરીયડો લેવામાં આવે છે તેમાં હાજરી આપવા માટે આગ્રહ કરે છે. ઉપરાંત વિદ્યાર્થીઓના વાલીઓને પણ ઉંચી ટકાવારી પણ લાવવાની લાલચ અપાય છે. જો કે વાલીઓ પણ પોતાના બાળકની કારકિર્દી બગડે નહી તેવા આશયથી પોતાના બાળકોને આ વધારાના પીરીયડમાં ભણવા જવા માટે સમજાવે છે.

ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકારે ફી નિર્ધારિત કમીટી દ્વારા નક્કી કરાયેલી ફી લેવાને બદલે હિંમતનગર સહીત જિલ્લાના અન્ય સ્થળે આવેલી ખાનગી અને સરકારી સ્કૂલોમાં ફરજ બજાવતા મુખ્ય શિક્ષકો વિદ્યાર્થીઓને તેમની મરજી મુજબના વર્ગમાં હાજર રહેવા આડકતરી રીતે આદેશ કરે છે અને તેમ ન થાય તો ખાનગી ટ્યુશન ક્લાસીસના સંચાલકો સાથે સાંઠગાંઠ કરીને વિદ્યાર્થીઓને તેમના ત્યાં ટ્યુશનમાં મોકલી દલાલીના નામે સંચાલક પાસેથી કેટલીક ટકાવારી નિયમીત રીતે પડાવી લેતા હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. એટલું જ નહી પણ કેટલીક સ્કૂલોના સંચાલકો અને શિક્ષકો જે તે ધોરણનો કોર્ષ સમયસર પુરો કરવાના બહાને વિદ્યાર્થીઓને સ્કૂલોમાં બોલાવીને વધારાના રૂ. ૨૦૦ પડાવતા હોવાનું જાણવા મળ્યું છે.

શિક્ષણતંત્રમાં શિક્ષકો અને સંચાલકોની મીલીભગતને કારણે આખરે તો વિદ્યાર્થી અને વાલી પિસાય છે. ત્યારે શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓએ ખાનગી રાહે તપાસ કરાવીને આવા શિક્ષકો અને સંચાલકોના સામે કડક કાર્યવાહી કરવાની જરૂર છે. હવે તો ખાનગી કરતા સરકારી સ્કૂલોનું શિક્ષણ સારૂ હોવાના દાવા તંત્ર દ્વારા કરાઈ રહ્યા છે ત્યારે ખાનગી સ્કૂલો પર તંત્રએ લગામ મુકવાની તાતી જરૂર છે.